


# નાઈટ શિફ્ટઃ અધિકાર, અવસર અને જવાબદારી

આધુનિક સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા અને ક્ષમતા સાબિત કરી રહી છે. શિક્ષણ, ઉદ્યોગ, પોલીસ, આરોગ્ય, ટેકનોલોજી, મીડિયા કે કોર્પોરેટ જગત લગભગ દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી રહી છે. આ બદલાતા સમયમાં મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવાનો પ્રશ્ન પણ ચર્ચાનો વિષય બની ગયો છે. એક તરફ તેને મહિલાઓના સશક્તિકરણ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે, તો બીજી તરફ તેમાં સુરક્ષા અને આરોગ્ય જેવા નવા પડકારો પણ દેખાય છે.

સશક્તિકરણના દષ્ટિકોણથી જોવામાં આવે તો મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવી એ સમાન અવસર તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે, જો પુરુષો રાત્રે કામ કરી શકે તો મહિલાઓને પણ એ તક મળવી જોઈએ- આ વિચાર સમાનતા અને ન્યાય આધારિત છે. આજના વૈશ્વિક અર્થતંત્રમાં ઘણાં ક્ષેત્રો જેમ કે IT, BPO, હોસ્પિટલ, એરલાઈન અને હોટલ ઉદ્યોગ 24 કલાક કાર્યરત રહે છે. આવાં ક્ષેત્રોમાં મહિલાઓને ભાગ લેવાની તક આપવી એ તેમની કારકિર્દી અને આર્થિક સ્વતંત્રતા માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે પરંતુ મહિલાઓની સુરક્ષાનો મુદ્દો પણ એટલો જ મહત્ત્વનો છે.

**કેસઃ**

સુમી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી હતી. તેની સાથે કામ કરતી ઘણી નર્સીસ ઘરથી દૂર નોકરી માટે અહીં એક રૂમ ભાડે રાખી સાથે જ રહેતી હતી. નાઈટ શિફ્ટ તેમના માટે ખૂબ સામાન્ય બાબત હતી. એક દિવસ સુમીને શરીરે ઠીક લાગતું નહોતું, ખૂબ કળતર હતી.

તેથી તે ખુરશી પર માથું ઢાળીને ઝોકું લેતી હતી. તેવામાં રેસિડન્ટ ડૉક્ટર રાઉન્ડ પર આવ્યા અને તેને નજીકના રૂમમાં લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યું. સુમી કંઈ કહે, સમજે એ પહેલાં ઘણું ઝડપથી બધું બની ગયું. બીજા દિવસે સુમીએ તેની રૂમ મેટ્સને વાત કરી તો તેમાંથી એક તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ. મહિલા પોલીસને તમામ ઘટના જણાવી, તો તેણીએ કહ્યું, ‘‘અમારી સાથે પણ આવું નાનુંમોટું થતું જ હોય છે, કોને કહેવા જઈએ? નાઈટ શિફ્ટ તો કરવી જ પડે, ક્યાં તો નોકરી બદલવી પડે અથવા ઘરે બેસવું પડે. તું કહે તો પેલા ડૉક્ટરને પોલીસ સ્ટેશન



બોલાવી ધમકાવી દઈએ પણ પછી તારી નોકરીનો વિચાર કરી લેજે.’’ સુમી આમ પણ ડરેલી જ હતી, હવે તે હેબતાઈ ગઈ. ચૂપચાપ ત્યાંથી નીકળી ગઈ. થોડા સમય બાદ બીજી હોસ્પિટલમાં નોકરી શોધી લીધી.

હાલમાં ગુજરાત સરકારે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમમાં એમેન્ડમેન્ટ સૂચવતું વિધેયક પસાર કર્યું અને ગુજરાતમાં હવે મહિલાઓ નાઈટ શિફ્ટમાં કામ કરી શકશે એવું જાહેર થયું. ત્યારે મહિલાઓ માટે અવિરત કાર્ય કરતી આવેલ અ.નિ.સ. (અપમૃત્યુ નિવારણ સહાય) સંસ્થાએ ઓરેન્જ મેગાસ્ટ્રક્ચર સાથે મળીને આ વિષય પર પરિચર્ચા રાખેલ જેમાં નિષ્ણાત પેનલીસ્ટ દ્વારા અનેક સૂચનો આવ્યાં. જેથી પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહેલ સુમીએ અફસોસ વ્યક્ત કર્યો કે જો આવી પરિચર્ચાઓ નિરંતર થતી રહી હોત તો મહિલાઓમાં હિંમત અને જાગૃતિ બની રહી હોત. આરજીકર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (કલકત્તા) ની ટ્રેઈની ડૉક્ટર સાથે નાઈટશિફ્ટમાં થયેલ દુષ્કર્મ ત્યાર બાદ હત્યા થયેલ, તે કેસ બાદ ભારતભરમાં અવાજ ઉઠેલો પરંતુ સમય સાથે શાંત પણ થઈ ગયો.

થોડાં વર્ષ પહેલાં એક ચર્ચિત કેસ સામે આવેલો. જેમાં એક મહિલા ગંભીર અકસ્માત બાદ હોસ્પિટલમાં કોમા સ્થિતિમાં લાંબા સમયથી સારવાર લઈ રહી હતી. બાદમાં જાણવા મળેલું કે તે ગર્ભવતી થઈ હતી.

રાત્રે અંધકાર હોય, લોકો ઓછા હોય, સામાજિક નિયંત્રણ ઓછું થાય, દારૂ અથવા નશા હેઠળ દાનત પર સંયમ ગુમાવાની શક્યતા વધુ હોવાથી નાઈટ શિફ્ટમાં કાર્ય કરતી મહિલાઓ માટે વધુ કડક સુરક્ષા પૂરી પાડવાની જવાબદારી સૌની છે. ‘મહિલાઓને સુરક્ષા સાથેની સમાનતા’ આ વિષય એ માત્ર વિચાર-વિમર્શ નથી પણ યુવાઓને વધુ સંવેદનશીલ, જવાબદાર અને સંતુલિત દષ્ટિકોણવાળા બનાવવાનું છે. મહિલાઓની સુરક્ષા, કાર્યસ્થળની જવાબદારી, નીતિગત વ્યવસ્થાઓ અને સમાજની ભૂમિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ભવિષ્યની નર્સ વિદ્યાર્થિનીઓ, ઈવેન્ટ ક્ષેત્રમાં કામ કરતી મહિલા, બ્યૂટી-મેકઅપ, ફિલ્મ-નાટકમાં કામ કરતી કલાકાર બહેનો, આરોગ્ય- હોટલ, કોલ સેન્ટર- જેવા અનેક વ્યવસાયો સાથે જોડાયેલ મહિલાઓને નિષ્ણાત પેનલીસ્ટ ડો. ઋતંભરા મહેતા (માનસિક આરોગ્ય નિષ્ણાત), એસીપી મીની જોસેફ (પોલીસ), ડૉ. યોગિતા શારદા અને ડૉ. સંજય મહેતા (શિક્ષણવિદ), પલ્લવ ચકી (હોટેલ ક્ષેત્ર), એડવોકેટ શૃંગી દેસાઈ દ્વારા ચર્ચાના અંતે મહત્ત્વપૂર્ણ સૂચનો રજૂ કરવામાં આવ્યાં.

**અમારી સાથે પણ આવું નાનુંમોટું થતું જ હોય છે, કોને કહેવા જઈએ? નાઈટ શિફ્ટ તો કરવી જ પડે, ક્યાં તો નોકરી બદલવી પડે અથવા ઘરે બેસવું પડે. તું કહે તો પેલા ડોક્ટરને પોલીસ સ્ટેશન બોલાવી ધમકાવી દઈએ પણ પછી તારી નોકરીનો વિચાર કરી લેજે**

- નાઈટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓ માટે પેનીક બટનવાળી સુરક્ષિત ટ્રાન્સપોર્ટ સાથે ઘર પહોંચાડવાની વ્યવસ્થા વેરીફાઈડ ડ્રાઈવર્સને વર્તણૂક તાલીમ.
- કાર્યસ્થળ પર સીસીટીવી સુરક્ષા (સીસીટીવી ચાલુ ન હોય તો દંડની જોગવાઈ), રોટેશનલ નાઈટ શિફ્ટ, મજબૂત સેફ્ટી ઓડિટ, પુરુષ સહકર્મીઓને આમન્યા સાથેની વર્તણૂક કરવાની સૂચના.
- POSH (Prevention of Sexual Harassment) કાયદાનું કડક પાલન, તાલીમ અને સક્રિય આંતરિક ફરિયાદ સમિતિ (ICC)
- મહિલાઓના માનસિક અને શારીરિક આરોગ્ય માટે કાઉન્સેલીંગ અને હેલ્થ સપોર્ટ વ્યવસ્થા- ઊંઘ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ તાલીમ.
- સરકાર અને પોલીસ દ્વારા નાઈટ શિફ્ટ કરાવતી કંપનીમાં સુરક્ષા તપાસ, સર્ટિફિકેશન, ડીસપ્લે હેલ્પલાઈન નંબરની વ્યવસ્થા.
- સમાજ અને પરિવાર દ્વારા મહિલાઓની કાર્યસ્વતંત્રતાનો સન્માન અને સહયોગ.
- નાઈટશિફ્ટ મહિલાને ફરજરૂપે નહીં પસંદગીરૂપે આપવી.
- સ્ત્રી સશક્તિકરણ ત્યારે જ શક્ય બને જ્યારે મહિલાઓને સમાન અવસર સાથે સુરક્ષા, સન્માન અને સ્વસ્થ કાર્ય પરિસ્થિતિ મળે.

‘‘મહિલાઓને અવસર આપવો પ્રગતિ છે, પરંતુ સુરક્ષા, આરોગ્ય અને સન્માન તેની મૂળ શરત છે.’’

**Instagram@gita.shroff**